# જિંદગી ના મિલેગી દોબારા

અમદાવાદની ફૅમિલી કોર્ટમાં જવાનું થયું. પારિવારિક ઝઘડા, ખાસ કરીને લગ્નજીવનના ઝઘડાનો જ્યાં નિકાલ કે ફેંસલો આવે છે એવી આ જગ્યા ગૂજરાત વિદ્યાપીઠની પાછળ રેલવે ટ્રૅકની નજીક આવેલી છે. ત્યાં આવેલા લોકો કોઈ પણ ક્લાસના હોય છે. મર્સિડીસમાંથી ઊતરેલી એક છોકરી અને એની સાથે કોર્ટમાં દાખલ થઈ રહેલા એના પતિ, જે સ્કૂટર પર આવ્યાં હતાં એને જોઈને મને ઈર્શાદ કામિલની આ કવિતા યાદ આવી ગઈ. આપણે ત્યાં લગ્નો ડિગ્રી, પરિવારની પ્રતિષ્ઠા, માતા-પિતાની પહોંચ કે સ્ટેટસ અને છોકરાનું બૅન્ક બૅલેન્સ-છોકરીનું સૌંદર્ય, કુંડળીના ગ્રહો જોઈને થાય છે. પોતાની મરજીથી જીવનસાથી શોધે ત્યારે માતા-પિતા સંતાનને કહે છે, 'આ તારે લાયક નથી.' કેટલાંક સંતાનો આ વાત માની લે છે તો કેટલાંક સંતાનો માતા-પિતાની મરજી વિરુદ્ધ લગ્ન કરે છે. આવા ભાગીને કે કુટુંબની મરજી વિરુદ્ધ જઈને કરેલાં લગ્નોને 'લવ મૅરેજ' તરીકે પણ ઓળખવામાં આવે છે. માતા-પિતાએ જે લગ્ન નક્કી કર્યાં હોય એને 'એરેન્જ મૅરેજ' કહેવાય છે... મજાની વાત એ છે કે માતા-પિતા માને છે કે એરેન્જ મૅરેજમાં લવ આપોઆપ દાખલ થઈ જશે અને લવ મૅરેજમાં એરેન્જમેન્ટ ગોઠવાઈ નહીં શકે!

લગ્ન બે વ્યક્તિએ સાથે જીવવાની-પોતાની મરજી અને સ્નેહથી એકબીજાના આધારે જિંદગી વિતાવવાની એક સરસ સમજણ છે. એમાં લવ અને એરેન્જમેન્ટ (સમાધાન) બંનેનાં પલડાં એકસરખાં હોવાં જોઈએ. તેમ છતાં પ્રેમ અને કૉમ્પ્રોમાઇસ, એરેન્જમેન્ટ કે સમાધાનનું પલડું ક્યારેક નીચે થઈ જાય તો ક્યારેક પ્રેમનું પલડું વધુ ભારે થાય. પરફેક્ટ વજન હોય તો પણ પરફેક્ટ બૅલેન્સ કેળવતાં પહેલાં જેમ બે પલડાં ઉપર-

નીચે થયાં કરે એમ સંબંધોનાં બે ત્રાજવાં પણ ઉપર-નીચે થાય એ સ્વાભાવિક છે. મર્સિડીસમાંથી ઊતરેલી છોકરી અને સ્કૂટર પર આવેલો છોકરો જોઈને મને આ કવિતા યાદ આવી, કારણ કે સામાન્યતઃ ઉશ્કેરાટમાં કે માતા-પિતાને દેખાડી આપવા, બૉયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડને દેખાડી આપવા માટે કરવામાં આવેલાં લગ્નોમાં ક્યાંક કાચી સમજનો ઉછાળો હોય છે. આવું કંઈ થાય ત્યારે એકબીજાંની સાથે નહીં જીવવા સર્જાયેલાં બે જણાં અંતે છૂટાં પડે છે. સાથે વિતાવેલો સમય ક્યાં જાય? એ સમય અડધો-અડધો વહેંચાઈને બંને પાસે રહી જાય છે...

પ્રેમમાં પડેલાં બે જણાં છૂટાં પડે ત્યારે કદાચ ઉઝરડા, ઘસરકા અને ઘા એટલા ઊંડા કે પીડાદાયક નથી હોતા, પરંતુ એ જ પ્રેમ જો લગ્નમાં પલટાયો હોય, સામાજિક સ્વીકૃતિ કે અસ્વીકૃતિ પછી, બે જણાં થોડો સમય સાથે જીવ્યાં હોય તો આ પીડા અને ઉઝરડા એટલાં ઊંડાં હોય છે કે જીવનભર એનાં નિશાન ભૂંસી શકાતાં નથી. જેના વગર નહીં જિવાય એવું લાગતું હતું એની સાથે નહીં જિવાય એવું લાગવા માંડે એની વચ્ચેનો સમય બંનેની અણસમજનો અને ઉતાવળનો સમય હોય છે. સ્વપ્નો પૂરાં કરવાની ઉતાવળ, પોતે સાચો નિર્ણય કર્યો છે એવું પુરવાર કરવાની ઉતાવળ... એની સાથે સાથે સફળતા અને સંપત્તિ માટેનો સંઘર્ષ પણ ક્યારેક ઉમેરાય છે ત્યારે સંબંધો છેલ્લી પ્રાયોરિટીમાં ચાલી જાય છે. લગ્ન સિવાયનું બધું મહત્ત્વનું બની જાય છે. પ્રેમ સિવાયનું બધું અગત્યનું પુરવાર થાય છે. જેમણે એકબીજાંની સાથે રહેવા માટે સહુની સામે વિદ્રોહ કર્યો હતો એ બે જણાં હવે સહુની સાથે વાત કરે છે, એકબીજાં સાથે અબોલા લે છે. એવાં બે જણાં ક્યારેક છૂટાં પડ્યાં પછી એકબીજાંને મિસ કરે, એકબીજાં માટે પરફેક્ટ હતાં એવું અનુભવે ત્યારે ઈર્શાદ કામિલની આ કવિતા બહુ સાચી લાગે છે. બૅન્ક બૅલેન્સ કે કુંડળીના બૅલેન્સને આધારે કરાયેલાં લગ્નોમાં ઈમોશનલ બૅલેન્સ ખોરવાઈ જાય પછી લાગે છે કે સાચું બૅલેન્સ તો લાગણીઓનું હતું, એમાં માગણીઓને ઘુસાડીને જિંદગી ગૂંચવી નાખી...

*મૈં ફિર આઉંગા વો બન કર,*
*જો તુમ્હેં અચ્છા લગે, તુમ્હારે પાસ રહે...*

આ કવિતા લગભગ તમામ સંબંધોના આઈના જેવી કવિતા છે. અલગ થયેલાં બે લોકો એકબીજાં માટે ઝૂરે તો છે જ, પણ જ્યારે ફરીથી સામસામે આવે છે ત્યારે એમની પહેલાં એમની કડવાશ, તકલીફ, ઝઘડા, પીડા અને પ્રશ્નો પહોંચી જાય છે. સમાધાન કે સમજણની ભૂમિકા શરૂ થાય તે પહેલાં એમની સમસ્યાઓ નાગની જેમ ફેણ ઊંચકીને ઊભી રહે છે. શાહરુખ ખાનની એક ફિલ્મ ‘ચલતે ચલતે’ આવા સંબંધોની કથા હતી. બે જુદા ક્લાસ, વિચાર, ઉછેર, માન્યતા,

જ્ઞાતિ, જાતિ, ધર્મ કે ભાષાની માનસિકતામાં ઊછરેલાં તદ્દન જુદાં લોકો છૂટાં પડે ત્યારે પીડા તો થાય જ છે, પણ સાથે જીવવામાં ક્યારેક વધુ પીડા હોય એમ પણ બને...

*મૈં તુમ્હારી ટીસ, તુમ્હારા દર્દ,*
*તુમ્હારા ખાલીપન સમેટ કર, જા રહા હૂં જમીં કે પાર,*
*હર ઈક જહન સે પરે, હર ઇક ચુભન સે પરે*
*ઈસી આસરે કિ ઇસ બાર ન મેરી જાત અલગ હોગી,*
*ન મેરા રંગ, ન તહજીબ ન જુબાન, ન હૈસિયત ન શાન*
*ન રોજગાર કા ફિક્ર, ન હોગા મેરી તકદીર કી નાકામિયોં કા જિક્ર*
*ઇસ બાર મૈં તુમ્હારે હાલાત મેં આઉંગા, અપની ઔકાત મેં આઉંગા*

હિન્દી ફિલ્મો, પ્રેમગીતો, પ્રેમકવિતાઓ, પ્રેમની વાર્તાઓએ હંમેશા એવું શીખવ્યું છે કે પ્રેમને ઊંચ-નીચ સાથે, ઉંમર સાથે, જાતિ, ધર્મ કે ભાષા સાથે, વ્યક્તિની આર્થિક કે સામાજિક સ્થિતિ સાથે સંબંધ નથી હોતો... સત્ય એ છે કે જ્યારે બે જણાં એકબીજાંની સાથે જીવવાનું શરૂ કરે ત્યારે આ જ બધા મુદ્દા વારાફરતી માથું ઊંચકવા લાગે છે. શરૂઆતમાં જ્યારે પ્રેમ હોય ત્યારે સાથે ફરતાં, મજા કરતાં, પૈસા કોણ ખર્ચે એ મહત્ત્વનું નથી હોતું, પરંતુ લગ્ન પછી એક ઘરમાં જીવતાં બે જણાંએ નાની-નાની જરૂરિયાતો અને આર્થિક સંકડામણનો સામનો કરવો પડે ત્યારે જે પ્રેમના બળે જીવવાની હામ હતી એ તૂટવા લાગે છે. પાંચ બેડરૂમના ઘરમાં ઊછરેલી છોકરી શરૂઆતમાં ચાલીના એક રૂમમાં ખુશ હોવાનો ડોળ કરી શકે છે, પરંતુ સમય સાથે એને સમજાઈ જાય છે કે જિંદગીના કડવા સત્યનો ઘૂંટડો એટલી સહેલાઈથી ગળે ઉતારી જવાશે નહીં. પહેલાં મરાઠીમાં બનેલી ફિલ્મ 'સૈરાટ' અને પછી હિન્દીમાં બનેલી ફિલ્મ 'ધડક'માં સાથે જીવવા માટે ભાગી છૂટેલાં બે જણાં જિંદગીના સંઘર્ષમાંથી કેવી રીતે પસાર થાય છે એની કથા બહુ સુંદર રીતે કહેવાઈ છે.

કેટલાંક યુગલો આ સંઘર્ષના દબાણ હેઠળ તૂટી જાય છે. જે લોકો આ સંઘર્ષ નથી સહી શકતાં એ છૂટાં પડી જાય છે અને પોતે કરેલા પ્રેમને ભૂલ સમજીને ભૂલવાનો પ્રયાસ કરે છે. માતા-પિતા સાચાં હતાં અને પોતાનો પ્રેમ એક ક્ષણિક આવેગ હતો એવું કેટલાંક સ્વીકારે છે તો કેટલાંક જીવનભર એ સ્વીકાર અને અસ્વીકારની વચ્ચેની કોઈ એવી ભૂમિકામાં જીવે છે જ્યાં એ પોતે સુખી નથી થતા અને પોતાના એક સમયના જીવનસાથી કે પ્રિયપાત્રને પણ સુખી જોઈ શકતાં નથી.. અહીંથી બે ફાંટા પડે છે. કેટલાક લોકો સ્વયંના અસ્તિત્વને પુરવાર કરવામાં એવા તો ખોવાઈ જાય છે કે સફળતા, સંપત્તિ અને સ્વયંની સિદ્ધિઓને એક પછી

એક સર કરવા લાગે છે... તો બીજી તરફ જનારા ડિપ્રેશનમાં ધકેલાઈ જાય છે અને અસ્તિત્વને ભૂંસવા માટે મરણિયા થઈ જાય છે. બેમાંથી કોઈ દિશા સાચી તો નથી જ. આ સફળતા, સંપત્તિ કે સિદ્ધિ સંબંધ અને સ્નેહની અવેજીમાં કશું આપી શકતાં નથી. બીજી તરફ સ્વયંને ભૂંસવા બેઠેલા લોકો 'દેવદાસ' બનીને બરબાદ ભલે થઈ જાય, પણ એમાંથી કશું પ્રાપ્ય બહાર નીકળતું નથી. સાચો રસ્તો એ છે કે સમજણના પુલ પરથી પસાર થઈને સંબંધની એક દિશા કે ડાયમેન્શનની નિષ્ફળતાને સ્વીકારી લેવી. પતિ-પત્ની તરીકે નાપાસ થયેલાં બે જણાં ઉત્તમ માતા-પિતા કે ઉત્તમ મિત્રો બની જ શકે. એકબીજાંની અપેક્ષા પૂરી નહીં કરી શકતાં બે જણાં કદાચ સ્ત્રી અને પુરુષ તરીકે સહઅસ્તિત્વમાં ન ગોઠવાઈ શકે પરંતુ સ્વતંત્રતાના એક પ્લૅટફૉર્મ પરથી સ્વીકારના બીજા પ્લૅટફૉર્મ સુધી સમતાનો એક પુલ બાંધી શકાય, સમજણની સીડી બનાવી શકાય. જે સતત ત્યાં જ હોય, ને જરૂર પડે ત્યારે એના પરથી પસાર થઈને એકબીજા સુધી પહોંચી શકાય. સેતુને બદલે દીવાલો ચણનારા પોતે જ બાંધેલી દીવાલોમાં કેદ થઈ જાય છે... પહેલાં અહંકારમાં ચણેલી આ દીવાલો શાંતિ આપે છે પણ ધીમે ધીમે સાંય સાંય કરતી એકલતા એવી તો ઘેરી વળે છે કે ઘાંઘાં થઈ ગયેલાં બે જણાં એ દીવાલો તોડવાના પ્રયત્નો કરે તો પણ પાકી થઈ ગયેલી આ દીવાલો તૂટતી નથી.

ત્યારે કદાચ લાગે કે જેને તકલીફ અને સમસ્યાઓ માનીને છૂટાં પડ્યાં એ તદ્દન નગણ્ય બાબતો હતી, પરંતુ એ પછી બંનેનું અસ્તિત્વ એવું ખોવાય છે કે એકબીજાં સુધી પહોંચવાના બધા રસ્તા બંધ થઈ જાય છે.

*તકલીફ કી તહોં સે નિકાલ લાઉંગા પૂરી જિંદગી,*
*લૌટૂંગા, તો તુમ કિસ નામ સે મિલોગી?*

• • •